# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-01-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રેલવે મંત્રી – બુલેટ ટ્રેન

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું, ભારતને **15** ઓગસ્ટ, **2027** ના રોજ પહેલી બુલેટ ટ્રેન મળશે. નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા તેમણે ઉમેર્યું પ્રથમ તબક્કામાં સુરત અને બીલીમોરા વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડશે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મુંબઈ અને અમદાવાદ વચ્ચે **508** કિલોમીટરનો છે. જેમાંથી **352** કિલોમીટર ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં અને **156** કિલોમીટર મહારાષ્ટ્રમાં આવેલો છે. આ કોરિડોર અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, થાણે અને મુંબઈ જેવા મુખ્ય શહેરોને જોડશે. **વધુમાં** રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં ગુવાહાટી અને કોલકાતા વચ્ચે દોડશે.

**------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય મંત્રી જીતુવાઘાણી – PM મુલાકાત

કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે રાજકાટના પ્રવાસે આવશે. શ્રી મોદી કચ્છ-સૌરાષ્ટ્ર વિસ્તારની રાજકોટમાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ **– VGRC**માં ઉપસ્થિત રહેશે. રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધતાં શ્રી વાઘાણીએ આ માહિતી આપી હતી.

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ જિલ્લા વાયબ્રન્ટ કાર્યક્રમ

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત કચ્છ જિલ્લા કક્ષાના વાઈબ્રન્ટ કાર્યક્રમનું આયોજન આજે ગાંધીધામ ખાતે આયોજન કરાયું છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને મહત્વપૂર્ણ સમજૂતી કરાર સાથે વિવિધ ટેક્નિકલ સેશન, એક્ઝિબિશન તેમજ પેનલ ચર્ચા યોજાશે.

જેમાં કચ્છના પોર્ટ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક, એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ, મિનરલ પ્રોસેસિંગ, રિન્યુએબલ એનર્જી એન્ડ ગ્રીન હાઈડ્રોજન, ટુરિઝમ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટસના ક્ષેત્રોને કેન્દ્રિત કરવામાં આવ્યા છે. આ ક્ષેત્રો સાથે સંકળાયેલા વિવિધ ઉદ્યોગો, સરકારી સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ વગેરે સહભાગી બનશે. જિલ્લાકક્ષાના વાઈબ્રન્ટ પ્રોગ્રામમાં, કચ્છના સંલગ્ન ઉદ્યોગોને આવરી લેતા એક્ઝિબિશનમાં ૬૦થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## એસટી નિગમ નિમણૂક પત્ર – CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એસ.ટી. નિગમના ચાર હજાર 742 ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરશે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ સમારોહમાં ત્રણ હજાર 84 ડ્રાઈવર અને એક હજાર 658 હેલ્પરકક્ષાના ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરાશે.

આ સમારોહ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળી પણ ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------------

## SIR કામગીરી

મતદાર યાદી વિશેષ સઘન સુધારણા કાર્યક્રમ-2026 હેઠળ આવતીકાલે અને રવિવારે જિલ્લાના તમામ મતદાન મથકો પર વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં નવા મતદાર તરીકે જોડાવવા માટે ફોર્મ નં 6, મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ નં 7 અને નામ ટ્રાન્સફર તથા અન્ય સુધારા માટે ફોર્મ નં 8 ભરી શકાશે.

અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાંથી વિશેષ ઝુંબેશના દિવસો અને તે સિવાયના દિવસોના કુલ ત્રણ લાખ 98 હજાર ફોર્મ મળ્યા છે. ચૂંટણી અધિકારીઓ તથા મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ ફોર્મની ચકાસણી કરી આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદારો 18 જાન્યુઆરી સુધી સુધારા-વધારા માટે અરજી કરી શકશે.

---------------------------------------------------------------------------------------

## માર્ગ સલામતી માસ ઉજવણી : કચ્છ યુનિ.

જિલ્લામાં આરટીઓ અને પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે પહેલા દિવસે કચ્છ યુનિવર્સિટી ખાતે સડક સુરક્ષા - જીવન રક્ષાના મંત્ર સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લા માર્ગ સલામતી સમિતિ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કુલપતિ ડો.મોહન પટેલના માર્ગદર્શનમાં શીખ એ સુરક્ષા અને ટેકનોલોજી એ પરિવર્તનની થીમ અને સડક સુરક્ષા - જીવન રક્ષાના મંત્ર સાથે વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે વિસ્તૃત માર્ગદર્શન ઉપસ્થિત પશ્ચિમ કચ્છ જિલ્લા ટ્રાફિકના અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે સભાનતા લાવી માર્ગ અકસ્માતોમાં ઘટાડો કરવાનો હતો.

---------------------------------------------------------------------------------------

## જાહેરનામાની મુદ્દત લંબાવાઇ

કચ્છમાં હાલ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે ત્યારે સહેલાણીઓની સુવિધા માટે કલેકટર દ્વારા 3 જાહેરનામાની મુદત 28 ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે જેમાં ધોરડો ખાતે રજિસ્ટ્રેશન વિનાની ઘોડે-ઊંટ સવારી પર પ્રતિબંધ, સફેદ રણની અંદર વાહનો લઈ જવા પર પ્રતિબંધ અને ધોરડો સફેદ રણ, રોડ ટુ હેવન વિસ્તાર પ્લાસ્ટિક ફ્રી ઝોન તરીકે યથાવત રહેશે.

-------------------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં આગામી પાંચ દિવસ ઠંડીમાં વધારો થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાત જાન્યુઆરી સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. જ્યારે પવનની દિશા પૂર્વથી ઉતર પૂર્વ રહેશે, તેમ હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસે જણાવ્યું હતું.

-------------------------------------------------------------------------------------------